# ડીપીએસની ફીના મામલે વાલીઓનો મુખ્યમંત્રીનાં કાર્યક્રમમાં હોબાળો

## સિવિલ હોસ્પિટલ ઓડીટોરીયમ બહાર ઉગ્ર દેખાવો કરતા ૧૦ વાલીઓને પોલીસે ડીટેઇન કરી લીધા



ગાંધીનગર, તા.૧૯ શાળાઓમાં ફી નું પ્રમાણ નિયત કરવાનું નોટીફીકેશન રાજય સરકારે કરી દીધુ હોવા છતા આ મામલો હજુ કમિટીઓમાં અટવાયો છે. મોટા ભાગની શાળાઓ આ ફી માં વિધ્યાર્થીઓને ભણાવવા તૈયાર નથી. દિલ્હી પબ્લીક સ્કુલમાં ફરીથી ફી વસુલવામાં આવતા વધારે ફી નાં મામલે વાલીઓ રોષે ભરાયા છે. વાલીઓ દ્વારા યુનિયન બનાવી આજે રાજયનાં મુખ્યમંત્રીને રજુઆત કરવાનો કાર્યક્રમ ઘડી કાઢ્યો હતો. ગાંધીનગર સિવિલ હોસ્પિટલનાં ઓડીટોરીયમમાં આજે મુખ્યમંત્રીનો કાર્યક્રમ ચાલુ હતો ત્યારે વાલીઓ ઓડીટોરીયમ બહાર આવી પહોંચ્યા હતા અને હોબાળો કર્યો હતો. પોલીસે તાત્કાલીક ૧૦ જેટલા વાલીઓની અટકાયત કરી લીધી હતી.

દિલ્હી પબ્લીક સ્કુલમાં અભ્યાસ કરતા વિધ્યાર્થીઓ અને તેમના વાલીઓ ઉપરાંત શાળા સંચાલકો પણ ફી ના મામલે ભારે અસમંજસમાં મુકાયા છે. એક તરફ સરકારે ફી નું ધોરણ નક્કી કરીને નોટીફીકેશન જાહેર કરી દીધુ છે. બીજી તરફ શાળા સંચાલકોએ આ ફી નો અસ્વિકાર કર્યો છે. જેના માટે કમિટી નિમવામાં આવી છે. આ કમિટી કોઇ નિર્ણય લે તે પહેલા ત્રણ મહિના થઇ ગયા હોવાથી બીજી ફી દિલ્હી પબ્લીક સ્કુલ દ્વારા ઉઘરાવવાના આદેશ આવી જતા વાલીઓ રોષે ભરાયા છે. આ વાલીઓએ યુનિયન બનાવી શાળાનાં આ નિર્ણય સામે બાયો ચઢાવી છે. આજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલનાં ઓડીટોરીયમ ખાતે આજે ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમનો ચેક વિતરણ કાર્યક્રમ હતો અને તેમા મુખ્યમંત્રી વિજય રૂપાણી ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ઓડીટોરીયમની બહાર ડીપીએસનાં વાલીઓ આવી પહોંચ્યા હતા અને હોબાળો કરતા પોલીસ દોડતી થઇ ગઇ હતી. પોલીસે સ્થળ પરથી ૧૦ જેટલા વાલીઓને પોલીસ વાનમાં બેસાડી દઇ અટકાયત કરી સે-૨૭ ડીએસપી ઓફીસ લઇ જવાયા હતા. બપોરે પોલીસે અટકાયતી વાલીઓને મુકત કર્યા હતા.

### રાજ્યની ખાનગી સ્કૂલો માટે દાખલો બેસે તેવો નિર્ણય

ડીપીએસમાં વાલીઓની રજૂઆતને પગલે કલેક્ટર સતીષ પટેલે જિલ્લા શિક્ષણાધિકારી એસ.એમ. બારડને રૂબરૂ બોલાવ્યાં હતા અને સ્કૂલ ફીની વિગતો માંગી હતી. આ સાથે તેમણે સરકારના સર્ક્યુલર પ્રમાણે ફી વસુલવા ડીઈઓને લેખિત આદેશ કર્યો હતો તથા વાલીઓ-વિદ્યાર્થીઓને સ્કૂલ તરફથી હેરાનગતિ ના થાય તેની તકેદારી રાખવા સાથે સમગ્ર રાજ્યની ખાનગી સ્કૂલો માટે દાખલો બેસે તેવો નિર્ણય લેવામાં આવ્યો હતો.

# જિલ્લા પંચાયતમાં ૨૦ મુદા અમલીકરણ સમિતિ વિખેરી નંખાશે

ગાંધીનગર, તા. ૧૯ જિલ્લા પંચાયતમાં હવે ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિ રહેશે નહિ. રાજ્ય સરકાર દ્વારા વિધાનસભામાં મંજૂર કરાયેલ સુધારાને પગલે આ પરિસ્થિતિ ઉભી થવા પામી છે.

રાજ્ય સરકારના પંચાયત વિભાગે પાંચમા મહિનામાં આ અંગે પંચાયતોને પત્ર લખી જાણ કરી દીધી હતી.

હવે જિલ્લા પંચાયતની આગામી ૧લીએ મળનારી સામાન્ય સભામાં ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિ વિખેરી નાખવામાં આવે છે તેવો નિર્ણય કરવામાં આવનાર છે.

સ્વ. ઈન્દિરા ગાંધી દ્વારા ૨૦ મુદ્દાનો કાર્યક્રમ ગરીબી નિવારણ માટે અમલમાં મુકવામાં આવ્યો હતો. રાજ્યમાં ભાજપના શાસનમાં પણ રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ નંબર યુપીએના શાસનકાળમાં મેળવી અનોખી સિદ્ધિ તરીકે તે વર્ણવવામાં આવતુ હતુ. હવે રાજ્ય સરકારે આ નિર્ણય કરી અને ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિ જ વિખેરી નાખવાનો નિર્ણય કરેલ છે.

મળતી વિગતો પ્રમાણે ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિને જરૂર પડ્યે ખેતીવાડી, સિંચાઈ અને ઉત્પાદન સહકાર સમિતિ સાથે જોડી દેવાની રહેશે તેમ પણ સરકારે તેના આદેશમાં જણાવ્યું છે.

# આવતીકાલથી પાંચ દિવસ "સંકલ્પ સે સિદ્ધિ" અંતર્ગત ખાસ ગ્રામસભા અભિયાન

ગાંધીનગર, તા. ૧૯ ગાંધીનગર જિલ્લામાં આગામી ૨૧મી ઓગષ્ટથી ૨૫ ઓગષ્ટ દરમ્યાન ખાસ ગ્રામસભા અભિયાન યોજવામાં આવશે. આ અંગેના હુકમો કરી દેવામાં આવ્યા છે.

ભારત સરકાર દ્વારા "ભારત છોડો ચળવળ"ની ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સંકલ્પ પર્વની ઉજવણી સમગ્ર રાજ્યમાં "સંકલ્પ સે સિદ્ધિ" એક અભિયાન સ્વરૂપે ૨૧ થી ૨૫ ઓગષ્ટ દરમ્યાન ખાસ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યુ છે. આ ગ્રામસભા અભિયાનમાં સંકલ્પ લેવા ઉપરાંત સ્વચ્છતા અભિયાનના સંપૂર્ણ અમલ અંગે ચર્ચા, વિલેજ ડેવલપમેન્ટ પ્લાનના કામોની સમીક્ષા, ૧૪મા નાણાંપંચના કામોની સમીક્ષા અને તેનું સોશ્યલ ઓડિટ સહિતના મુદ્દાઓ આવરી લેવાના રહેશે.

આ ગ્રામસભા અભિયાન માટે જિલ્લાના નેવુ જેટલા વિવિધ કેડરોના અધિકારીઓને લાયઝન અધિકારી તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. આ અભિયાનમાં લોકો મોટી સંખ્યામાં જોડાય તે રીતે તેનો પ્રચાર ગ્રામકક્ષાએ કરવા માટેની સૂચનાઓ પણ આપવામાં આવી છે.

આ ગ્રામસભા બપોરે ૧૧ વાગે શરૂ થશે અને સાંજે ૪ વાગ્યે છેલ્લી ગ્રામસભા યોજવામાં આવશે તેમ જાણવા મળેલ છે. લાયઝન અધિકારીઓને એક કરતાં વધુ ગામોની જવાબદારી સોંપવામાં આવી છે.





શહેરની જુની અને જાણીતી રાધે સ્વીટસ એન્ડ નમકીન દુકાન તેમજ ફેકટરીની મુલાકાત રંગોલી પ્રિ-સ્કુલના બાળકોએ લીધી હતી. જે સ્થળ પર સ્વાદિષ્ટ અને ચટાકેદાર નમકીન તૈયાર થાય છે ત્યાંનું વાતાવરણ અને સ્વચ્છતા જોઈ બાળકો પ્રભાવિત થયા હતા. રાધે સ્વીટસની મુલાકાત લેનાર બાળકોને વિપુલભાઈ સુખડીયાએ ચોકલેટ આપી મોં મીઠું કરાવ્યું હતું.



રાજયમાં સ્વાઇન ફલુની બિમારીએ કેર વર્તાવ્યો છે. ગાંધીનગર જિલ્લામાં પણ સ્વાઈન ફલુના રોગચાળાએ ૧૧નો ભોગ લીધો છે. જેને ધ્યાને લઈ સ્વાઈન ફલુથી બચવા માટે ગાંધીનગર બાર એસોસિએશન ,જુનિયર સિટીઝન કાઉન્સિલ તેમજ રેડક્રોસ સોસાયટીના સહયોગથી ગાંધીનગર કોર્ટના સંકુલમાં આયુર્વેદિક ઉકાળાનુ નિશુલ્ક વિતરણ કરવામાં આવ્યુ હતુ. કોર્ટના વકીલો ઉપરાંત મોટી સંખ્યામાં નગરજનોએ ઉકાળાનો લાભ લીધો હતો.

# ભારતીય આર્મી દ્વારા આજે ડ્યુએથલોન

### વહેલી સવારે અધિકારીઓ ૧૦ કિ.મી રનિંગ અને ૨૫ કિ.મી સાયકલીંગ કરશે

ભારતીય આર્મી દ્વારા આવતીકાલે રવિવારે વહેલી સવારે ડ્યુએથલોનનું આયોજન કરવામાં આવ્યુ છે. અધિકારીઓ માટે ગાંધીનગર મિલિટરી સ્ટેશન મુખ્ય કચેરી ખાતે ગોલ્ડન કટાર ડિવિઝન દ્વારા યોજવામાં આવેલા આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સહનશક્તિ વધારતી પ્રવૃત્તિઓ જેવી કે રનિંગ, સાયકલીંગ એક શોખ તરીકે વિકસાવવાનાં વિચારને પ્રોત્સાહન પુરુ પાડવાનો છે. આવતી કાલે સવારે પોણા છ વાગ્યાનાં સુમારે એર માર્શલ આર.કે.ધીર (એર ઑફિસર કમાન્ડિંગ ઈન ચીફ, સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ) દ્વારા ડ્યુએથલોનનું ફ્લેગ ફ્લેગ ઓફ કરવામાં આવનાર છે. ૧૦ કિ.મી રનિંગ અને ૨૫ કિ.મી સાયકલીંગ બાદ બૅકલ રેંજ પર ફાયરિંગનો કાર્યક્રમ થશે અને ત્યાર બાદ ૧૧ વાગ્યે પુરસ્કાર વિતરણ કરવામાં આવશે તેમ ડીફેન્સ પી.આર.ઓ અભિષેક મતિમે જણાવ્યુ છે.

# સે-૧૨ ઉમિયા માતાજી મંદિરે સ્વાઈન ફલુ માટેનો ઉકાળો ૨૧મી સુધી મળશે

ગાંધીનગર શહેરને સ્વાઈન ફલુએ તેના ભરડામાં લીધું છે. જેના કારણે ચોતરફ ભયનું વાતાવરણ સર્જાયું છે. આ પરિસ્થિતિમાં તંત્ર દ્વારા તો પગલાં લેવાઈ જ રહ્યા છે પરંતુ સ્વૈચ્છિક સંસ્થાઓ અને સામાજિક સંસ્થાઓ પણ તેમનું યોગદાન આપી રહી છે. ગાંધીનગરના કડવા પાટીદાર સમાજ દ્વારા સે-૧૨માં ઉમિયા માતાજી સંસ્થાન ખાતે સ્વાઈન ફલુથી બચવા માટેના આયુર્વેદિક ઉકાળાનું વિતરણ છેલ્લા એક સપ્તાહથી કરાઈ રહ્યું છે. આ ઉકાળાનું વિતરણ આગામી તા. ૨૧મી ઓગસ્ટ સુધી કરવામાં આવશે જેનો લાભ લેવા શહેરીજનોને જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.

# વાવોલમાં ખંડેર મકાનનો લટકતો સ્લેબ 'જોખમરૂપ'

### શોર્ટકટ માર્ગના નાકે લટકતો સ્લેબ અહીંથી પસાર થતા વિદ્યાર્થીઓ સહિતના રાહદારીઓમાંથી કોઈનો ભોગ લે તે પહેલા ઉતારી લેવા માંગ

ગાંધીનગરના વાવોલ ખાતે અંકુર ફલેટની સામેના વિસ્તારમાં એક ખંડેર મકાનનો અડધો તુટીને લટકી રહેલો સ્લેબ અહીંથી પસાર થઈ રહેલા વિદ્યાર્થીઓ સહિત રાહદારીઓ તથા વાહનચાલકો માટે જોખમરૂપ બન્યો છે. સત્વરે આ જોખમી સ્લેબને ઉતારી લેવાય તેમ આ વિસ્તારની જનતામાં માંગ ઉઠવા પામી છે. વાવોલમાં ભાગોળથી કોલવડા ચોકડી તરફ જતા મુખ્ય માર્ગ પર અંકુર ફલેટસની સામેના ભાગે સ્વામિનારાયણ મંદિરની બાજુમાં એક શોર્ટકટ માર્ગ આવેલો છે. આ શોર્ટકટ માર્ગનો ઉપયોગ મુખ્યત્વે ગ્રામજનો દ્વારા કરાય છે જેમાં સ્વામિનારાયણ મંદિરે આવતા શ્રધ્ધાળુઓ, એમ.બી. પટેલ હાઈસ્કૂલ અને એમ.ડી. શાહ પ્રાથમિક શાળાએ આવતા જતા વિદ્યાર્થીઓ તથા અંકુર અને વિજય ફલેટસ સહિતના રહીશોનો સમાવેશ થાય છે. આ માર્ગના નાકે સ્વામિનારાયણ મંદિરની બાજુમાં એક જર્જરિત મકાન છે જેના છજાનો સ્લેબ ઘણા સમયથી તુટીને લટકી રહ્યો છે. આ સ્લેબ પડે તો તેનો ભોગ બનનારના રામ રમી જાય તેમ છે. વળી, શોર્ટકટનો ઉપયોગ ઘણા ટુ વ્હીલર ચાલકો પણ કરે છે .સ્લેબ બાળકો સહિત તમામ માટે જોખમરૂપ બન્યો છે. જર્જરિત અવસ્થામાં હોવાને કારણે સ્લેબ ગમે ત્યારે પડે અને કોઈનો ભોગ લેવાય તે પહેલા તેને સત્વરે ઉતારી લેવાય તેવી વિસ્તારમાં માંગ ઉઠવા પામી છે.



# પર્યુષણ પર્વ

**પ.પૂ. ગણિવર્ય યશકલ્યાણવિજયશ્રી મ.સાહેબ તથા પ.પૂ. મુનિરાજ તીર્થ પ્રેમ વિજયશ્રી મ.સાહેબની અમૃતવાણી**

### ત્રીજો દિવસ

આ યુગ એ ભૌતિક વિકાસનો યુગ છે આ યુગમાં આધ્યાત્મિક વિકાસ મંદ પડે છે પણ છતાંય આપણા સૌના સદ્ભાગ્ય આધ્યાત્મિક વિકાસના સાધનો આપણી પાસે છે જ પર્યુષણની ઉજવણી એ આપણા આધ્યાત્મિક વિકાસની જરૂરિયાત છે.

પર્યુષણના ત્રીજા દિવસે પૌષધ વ્રત અંગેનું પ્રેરક પ્રવચન થતું હોય છે. આ ઔષધ અંક અદ્ભુત આત્માનું ઔષધ છે. વિશ્વમાં આજે ગ્લોબલ વોર્મિંગની સમસ્યા વધે છે વિશ્વ શાંતિ માટે વાતો થાય છે. વાસ્તવિકતામાં કામ નહી વ્યક્તિ શ્રીમંત થાય છે. પણ સુખી કે શાંત નહી.



સમાજ પ્રેમમય નથી ધર્મ પણ પોતાનો સત્વ ખોઈ બેઠો હોય તેવું લોકોને લાગે છે. ત્યારે પૌષધ આ તમામ અનુષ્ટોની દવા છે. જૈન સાધુનુ જીવન સંપૂર્ણ ઈકોફ્રેન્ડલી અને સંપૂર્ણ ક્રાઈમમુક્ત હોય છે. વીજળીનો યુજ કરનાર જાણતા નથી કે વીજળી ઉત્પન્ન કરવામાં લાખો ગેલેન પાણી વપરાય છે. એ પાણીના અસંખ્ય જીવો પાણીમાં રહેલા હજારો માછલા વિગેરે અધધ જીવોનો સંહાર પછી આ વીજળી પ્રાપ્ત થાય છે. શું એ જીવોની અંતતિ આપણા પર ખુનનો ગૂનો નોંધાવી શકતી હોત તો ? અસ્તુ બીજી વાત કે આજે આપણે માત્ર સ્વકેન્દ્રી બન્યા છે. મને પૈસા મળે, સુવિધા મળે એ માટે હું કાંઈ પણ કરી શકુ એવી આપણી મનોવૃત્તિ છે. નિસ્વાસ્થ ભાવે બીજાને સહાય કરવી એ તો જુના જમાનાની વાત થઈ ગઈ છે.

આવા વિષમ સમયમાં જૈન સાધુઓ વીજળી, વાહન જેવા કોઈ પણ સાધનો વિના મોજેથી જીવે છે. પ્રસન્નતાથી જીવન માણે છે. બસ, પોષધમાં આવી જ જીંદગી એક દિવસ પુરતી જીવવાની હોય છે. જૈન ઉપાશ્રયમાં એક દિવસ રહી ધોતીયુ, ખેસ જેવા પારિવારીક વસ્ત્રોમાં અમુક નિશ્ચિત ધાર્મિક વિધિ, તપ, જાપ, સ્વાધ્યાય, ભક્તિના સમન્વય પૂર્વકની દિનચર્યા ખરેખર માણવા જેવી હોય છે.

પ્રારંભમાં કષ્ટમય લાગતી આ વિધિ મનની શાંતિ, શારિરિક સ્પુર્તિ અને આત્માની શુદ્ધિ બધુ જ આપનારી છે કે વર્ષ દરમ્યાન આ પૌષધ ક્યારેય પણ થઈ શકે છે. પણ સંવત્સરીએ આ પૌષધ વ્રત કરવાનો વિશેષ મહિમા હોય છે.

પૌષધ સિવાય પણ જીંદગીમાં કરવા યોગ્ય અન્ય ધર્માનુષ્ઠાનોને વાત આજના દિવસે પ્રવચનમાં કરે છે. તે ઉપરાંત જૈન સંઘોમાં આજે પરમ વિંઘ જૈન ધર્મ ગ્રંથ શ્રી કલ્પસૂત્રના પૂજન અર્ચન સંબંધિ કેટલાક લાભ ભાવિક ભક્તોને ચડાવો બોલીને અપાય છે.

# કલોલ શહેરનું ૨૪૨ લાખના ખર્ચે નવનિર્મિત થનાર બસ સ્ટેન્ડનુ ખાતમુહૂર્ત

### બસ સુવિધાને વધુ લોકભોગ્ય બનાવવા માટે નજીકના સમયમાં 3 હજાર ડ્રાઇવર અને ૧૭૦૦ કંટકટરની ભરતી કરાશે

ગાંધીનગર, તા. ૧૯ ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા કલોલ ખાતે નવનિર્મિત થનાર એસ.ટી બસ સ્ટેશનનું ખાતમુહૂર્ત આજરોજ નાયબ મુખ્ય મંત્રી નીતિનભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. કલોલનું એસ.ટી બસ સ્ટેશન રૂ.૨૪૨ લાખના ખર્ચે નવનિર્મિત થશે.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજય સરકારે પ્રજાલક્ષી સુવિધાઓને પ્રાધાન્ય આપ્યું છે. આજે રાજયના ૯૮ ટકા ગામડાઓ અને ૯૯ ટકા વસ્તીને બસ સર્વિસની સુવિધા આપવામાં આવે છે. મધ્યમ અને ગરીબ પરિવારોને સુવિધાજનક ટ્રાન્સપોર્ટ સુવિધા આપવા માટે રાજય સરકાર દ્વારા નવી બસોની ખરીદી માટે રૂ. ૨૬૨૬.૧૬ કરોડની ફાળવણી કરવામાં આવી છે. હાલમાં રાજયમાં ૧૬ વિભાગ, ૧૨૫ ડેપો, ૨૫૩ બસ સ્ટેશન અને ૧૫૪૧ પીકઅપ સ્ટેન્ડ કાર્યરત છે. રાજયના ૧૫૦ બસ સ્ટેશનો નવનિર્મિત કરવાનું સઘન આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૭૬ નવીન બસ સ્ટેશનો બનાવવાની કામગીરી પૂર્ણ કરી મુસાફર જનતાની સેવામાં ખુલ્લો મુકવામાં આવ્યા છે. તે ઉપરાંત ૧ પૂર્ણ થયુંછે, તેમજ ૩૦ પ્રગતિ હેઠળ, ૪ ની કામગીરી ટુંક સમયમાં શરૂ થશે. ૩૩ બસ સ્ટેન્ડ આયોજન હેઠળ છે. રાજયમાં પી.પી.પી. ધોરણે ૭ બસ સ્ટેશનોનું આધુનિક નિર્માણ કરવામાં આવ્યું છે. નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે રાજયમાં આરોગ્યલક્ષી યોજનાઓ, માં અન્નપૂર્ણા યોજનાની વિસ્તૃત વાત કરીને કલોલ ખાતે થયેલા વિવિધ વિકાસ કામોની વિસ્તૃત વાત કરી હતી.



વાહન વ્યવહાર રાજયમંત્રી વલ્લભાઈ કાકડિયાએ જણાવ્યું હતું કે, સમગ્ર રાજયના ગામે ગામ સુધી બસની સુવિધા આપવામાં આવી રહી છે. હાલમાં રાજયમાં ૭૧૩૯ બસો દોડી રહી છે. જેમાં દરરોજ ૨૩ લાખ જેટલા મુસાફરો મુસાફરી કરી રહ્યાં છે. તેમજ ૨૮ લાખ કિલોમીટર બસો દોડી રહી છે. તે ઉપરાંત એસ.ટી નિગમની વિદ્યાર્થીઓ, વિકલાંગ, પત્રકારો અને ૧૫ દિવસનું ભાડું ભરીને ૩૦ દિવસની મુસાફરી યોજના જેવી વિવિધ યોજનાઓની વિસ્તૃત માહિતી આપી હતી.

વધુમાં મંત્રી કાકડિયાએ જણાવ્યું હતું કે, એસ.ટી નિગમ દ્વારા વાતાવરણમાં પ્રદૂષણની માત્રા ઘટે તે માટે સુપ્રિમ કોર્ટની સૂચનાનુસારની યુરો-૪ બસની ખરીદી કરવામાં આવી રહી છે. આગામી ચાર માસના ટુંકા સમયમાં ૩૨૦૦ બસો માર્ગો પર દોડતી કરવામાં આવનાર છે. આ સુવિધાને વધુ લોકભોગ્ય બનાવવા માટે નજીકના સમયમાં ૩ હજાર ડ્રાઈવર અને ૧૭૦૦ કંટકટરની ભરતી કરવામાં આવનાર છે.

## જાહેર સૂચના

**પાટનગર યોજના વિભાગ નં.૧, ગાંધીનગર**

ગુજરાત રાજયના રાજયપાલ વતી કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ નં.૧, 'બી' બ્લોક, પહેલો માળ, પાટનગર યોજના ભવન, સેક્ટર નં.૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬ (ફોન નં. ૨૩૨૫૯૨૫૫)ની કચેરીએથી ગાંધીનગર શહેરમાં (૧) સેક્ટર નં.૧૧ માં ચ-૩ પાસેનું ખૂણા પરનું મેદાન (૨) સેક્ટર નં.૧૧ શાલીન કોમ્પ્લેક્ષ સામેનું મેદાન, (૩) સેક્ટર નં.૬/ડીમાં પેટ્રોલ પંપ પાસેની ખુલ્લી સરકારી જમીન નવરાત્રિ મહોત્સવ-૨૦૧૭ માટે સરકારશ્રી નક્કી કરે તે મુજબના નિયત ભાડાથી ટુંકી મુદત માટે ભાડેથી આપવા માટે ગાંધીનગરમાં નોંધાયેલ અને રહેતા રસ ધરાવતી સંસ્થાઓ / અરજદારો પાસેથી તા. ૫/૯/૨૦૧૭ સુધીમાં અત્રેની કચેરીએ મળી જાય તે રીતે રજી.પો.એ.ડી.થી અરજીઓ મંગાવવામાં આવે છે. સદર અરજીના કવર પર જે સ્થળની જમીન માંગવામાં આવેલ હોય તેનું "સેક્ટર નં. ........................ ના મેદાનની નવરાત્રિ મહોત્સવ-૨૦૧૭ની અરજી' એમ સ્પષ્ટપણે દર્શાવવાનું રહેશે. શક્ય હશે તો આળેલ અરજીઓ તા. ૬/૯/૨૦૧૭ના રોજ બપોરના ૧૨.૦૦ કલાકે હાજર રહેલ અરજી કરનાર સંસ્થા / વ્યક્તિના અધિકૃત પ્રતિનિધિની હાજરીમાં અત્રેની કચેરી ખાતે ખોલવામાં આવશે. એક જ સ્થળ માટે એક કરતા વધુ અરજીઓ આવશે તો તે જ દિવસે બપોરના ૧૨.૩૦ કલાકે જ ડ્રો પણ કરવામાં આવશે.

અરજદાર સંસ્થા / વ્યક્તિએ બાનાની રકમ રૂ. ૨૫,૦૦૦.૦૦ (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા)ની કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ નં.૧, ગાંધીનગરના નામની રાષ્ટ્રીયકૃત બેંકની એફ.ડી.આર. અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. બાનાની રકમ (એફ.ડી.આર.) સિવાયની અરજી ડ્રો / ફાળવણી માટે ધ્યાને લેવામાં આવશે નહીં. જે વ્યક્તિ / સંસ્થાની માંગણી ગ્રાહ્ય રાખવામાં આવશે તેની બાનાની રકમ તરીકે આપેલ રૂ. ૨૫,૦૦૦/- એફડીઆર જામીન અનામતમાં રૂપાંતરિત થશે અને અત્રે જમા રાખવામાં આવશે.

ઉપર દર્શાવેલ સ્થળનો વિસ્તાર તેમજ નિયમોની વિગતો કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. એક વ્યક્તિ / સંસ્થા તમામ સ્થળ માટે અરજી કરી શકશે પરંતુ ફાળવણી એક જ સ્થળની કરવામાં આવશે. અને ડ્રોમાં એક કરતાં વધુ સ્થળ લાગશે તો ગમે તે એક જ સ્થળની પસંદગી કરી તુરત જ લેખિત સંમતિપત્ર આપવાનો રહેશે.

તો રસ ધરાવતા ગાંધીનગર શહેરના જ અરજદારો / સંસ્થાઓએ કચેરીના ચાલુ કામકાજના દિવસોએ કચેરી સમય દરમિયાન રૂબરૂમાં સંપર્ક કરવા વિનંતી.

માહિતી/૧૩૭૭/૧૭-૧૮